# સોરઠ ઈન્ટરનેશનલ સ્કૂલ, જુનાગઢ

**ધોરણ :- 10** **પેપર – 1** **વિષય - ગુજરાતી**

**સૂચના :-** 1. આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ છે.
2. દરેક વિભાગના ગુણ 20 છે.
3. જમણી બાજુના આંકડા પ્રશ્નના કુલગુણ દર્શાવે છે.

## વિભાગ – A (ગદ્ય વિભાગ)

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડી ફરીથી લખો:** (04)

| કૃતિ | સાહિત્યપ્રકાર |
|---|---|
| 1) 'ઘોડીની સ્વામીભક્તિ' | અ) નિબંધ |
| 2) 'ગતિભંગ' | બ) નવલકથાખાંડ |
| 3) 'વાઈરલ ઈન્ફેક્શન' | ક) લઘુકથા |
| 4) 'ભૂખથીય ભૂંડી ભીખ' | ડ) નવલિકા |
| | ઈ) લોકકથા |

**(બ) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યા પૂરો:** (04)

1) સલોની ફોટા ઉપરની મૂળ વસ્તુ ______ ને કહે છે. (નરેન, વિરાટબાબુ, મનીષા, આનંદ)
2) ગિરમાળનો ધોધ ______ નદી પરથી પડતો હતો. (ગંગા, યમુના, નર્મદા, ગિરા)
3) લેખકના પિતાના મૃત્યુ પછી હિસાબનું કામ ______ સંભાળતા હતા. (લેખકના બા, દાસકાકા, ભિખુ, લેખક પોતે)
4) શ્રીમદ્ રાજચન્દ્રનું જન્મ સમયનું નામ ______ હતું. (લક્ષ્મીનંદન, ધનનંદન, જ્ઞાનનંદન, સરસ્વતીનંદન)

**(ક) નીચે આપેલ પ્રશ્નોનાં એક – એક વાક્યમાં ઉત્તર લખો:** (02)

1) માતાયાન ક્યા ઘાટ પર આવેલું છે?
2) ડુંગરની પત્નીને હૈયે શું જડાઈ ગયું હતું?

**(ડ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ – ચાર વાક્યોમાં ઉત્તર લખો: (કોઈપણ બે)** (04)

1) મનીષાના શિકારી પિતા વિશે જણાવો.
2) સુંદરજી શેઠ વિશે પાંચ વાકયો લખો.
3) લેખકે છત્રી ખોવાઈ ના જાય તે માટે કઈ સલાહ અમલમાં મૂકી? શા માટે?

**(ઈ) નીચે આપેલા પ્રશ્નોના આઠ - દસ વાક્યોમાં ઉત્તર લખો: (કોઈપણ બે)** (06)

1) રાતો ચોપડો ફાડી નાંખવા પાછળનું લેખકનું મનોમંથન વર્ણવો.
2) 'ભૂખથીય ભૂંડી ભીખ' માં આવતું કાળુનું પાત્રાલેખન કરો.
3) કૃષ્ણ અને કિસનના જન્મમાં શો તફાવત છે?

## વિભાગ – B (પદ્ય વિભાગ)

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડી ફરીથી લખો:** (04)

| કૃતિ | સાહિત્યપ્રકાર |
|---|---|
| 1) 'શિકારીને' | અ) ગંગાસતી |
| 2) 'માધવને દીઠો છે ક્યાંય?' | બ) પાનબાઈ |
| 3) 'શીલવંત સાધુને' | ક) જયંત પાઠક |
| 4) 'વતનથી વિદાય થતાં' | ડ) હરીન્દ્ર દવે |
| | ઈ) કલાપી |

**(બ) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો:** (04)

1) નરસિંહ મહેતાની જન્મભૂમિ ______ અને કર્મભૂમિ ______ છે. (તળાજા, રાજકોટ, જૂનાગઢ, ભાવનગર)
2) અશોક ચાવડાનું ઉપનામ ______ છે. ('બેફામ', 'બેહદ', 'બેનામ', 'બેદિલ')
3) દેશ દીપક બનવું ______ છે. (મુશ્કેલ, સરળ, દુર્લભ, અલભ્ય)
4) કવિ ______ વૃક્ષ નીચે બેઠા હતા. (મહુડીના, વાદળના, કરેણના, આંબાના)

**(ક) નીચે આપેલ પ્રશ્નોનાં એક – એક વાક્યમાં ઉત્તર લખો:** (02)

1) શીલવંત સાધુના જીવનમાં શામાં એકત્ત્વ જોવા મળે છે?

2) સૂર, શરણાઈ અને ભીડ દ્વારા ક્યું દશ્ય સ્ફૂટ થાય છે?

**(ડ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ – ચાર વાક્યોમાં ઉત્તર લખો: (કોઈપણ બે)** (04)

1) 'સકળ તીરથ તેનાં તનમાં રે' – પંક્તિ સમજાવો.

2) વાસળીના સૂર કોને કોને શું પ્રશ્ન પૂછે છે? શા માટે?

3) મુરલી ઠાકુરને આંગણું મોટું શા માટે લાગે છે?

**(ઈ) નીચે આપેલા પ્રશ્નોના આઠ - દસ વાક્યોમાં ઉત્તર લખો: (કોઈપણ બે)** (06)

1) 'હું એવો ગુજરાતી' કાવ્યમાં કવિ પોતે ગુજરાતી હોવાનું ગૌરવ ક્યાં ક્યાં કારણો-સર અનુભવે છે?

2) 'બોલીએ ના કાંઈ' કાવ્યનો મધ્યવર્તી વિચાર સ્પષ્ટ કરો.

3) ગ્રામજીવનમાં ખેતી-વાડીનું બપોર વેળાનું ચિત્રાત્મક વર્ણન કરો.

## વિભાગ – C (વ્યાકરણ વિભાગ)

**• માગ્યા મુજબ ઉત્તર લખો:**

⇨ **નીચેના વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો:**

1) **આપેલ શબ્દોની સાચી જોડણી શોધીને લખો:** - પ્રફુલ્લીત (પ્રફૂલીત, પ્રફુલીત, પ્રફુલ્લિત) - અનુકુળતા (અનુકૂળતા, અનૂકૂળતા, અનૂકુલતા) (01)

2) **આપેલ શબ્દની સંધિ કરો:** - ઉદ્ + ચાર (ઉચ્ચાર, ઉત્ચાર, ઊચ્ચાર) (01)

3) **આપેલ શબ્દનો સમાસ ઓળખવો:** - શરદપૂનમ (કર્મધારય, તત્પુરુષ, મધ્યમપદલોપી) (01)

4) **યોગ્ય જોડકાં જોડો:** (01)

| અ | બ |
|---|---|
| કર્તરિ વાક્યરચના | વિશ્વરાજથી હસાયું. |
| કર્મણિ વાક્યરચના | મહારાજે સુંદરજી શેઠની વાત ધ્યાનથી સાંભળી. |
| | ગાંધીજીથી તેમના અનુરાગી થવાયું. |

5) **આપેલ વાક્યમાં રહેલો અલંકાર ઓળખવો:** "સમર્પણ એજ રોકાણ અને સ્નેહ એજ ડિવિડન્ડ." (રૂપક, વ્યતિરેક, અનન્વય) (01)

6) **આપેલ શબ્દમાં ક્યો પ્રત્યય લાગેલો છે:** - મુઠ્ઠી (પૂર્વપ્રત્યય, પૂર્વ અને પર પ્રત્યય, પરપ્રત્યય) (01)

7) **આપેલ શબ્દોના સમાનાર્થી શબ્દો શોધીને લખો:** - પ્રપાત (વહેણ, નદી, ધોધ) - વૈરાગ્ય (આસક્તિ, આદ્યશક્તિ, અનાશક્તિ) (01)

8) **'બસ-સ્ટેન્ડ' સંજ્ઞાનો આપેલ વિકલ્પમાંથી સાચો વિકલ્પ શોધીને લખો:** (વ્યક્તિવાચક, જાતિવાચક, સમૂહવાચક) (01)

9) **આપેલ રૂઢિપ્રયોગનો અર્થ આપો:** - પેટ ન દેવું (01)

10) **આપેલ કહેવતનો અર્થ આપો:** - દેખવું નહિ ને દાઝવુંય નહિ.' (01)

11) **શબ્દસમૂહ માટે એક શબ્દ આપો:** - "અજમો, કોપરું, ખસખસ, સવા, અને સૂંઠના ભૂકામાં ખાંડ ભેળવી કરેલું મિશ્રણ" (01)

12) **આપેલ શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ લખો:** - દઢ (01)

13) **આપેલ બન્ને શબ્દના જોડણીભેદે થતાં અર્થભેદ જણાવો:** - અફર, અફળ (01)

14) **આપેલા તળપદા શબ્દનું શિષ્ટરૂપ આપો:** - છાક (01)

15) **આપેલ વાક્યમાંથી વિશેષણ શોધીને તેનો પ્રકાર લખો:** - શીલવંત સાધુને વારે વારે નમીએ. (01)

16) **આપેલ વાક્યમાંથી ક્રિયાવિશેષણ શોધીને તેનો પ્રકાર લખો:** - પત્ર લેખકની શ્રદ્ધા ચોક્કસ વધુ પડતી હતી. (01)

17) **આપેલ શબ્દના ધ્વનિઘટકો છૂટા પાડો:** - ઔદ્યોગિક (01)

18) **આપેલ વાક્યની પ્રેરક રચના બનાવો:** - ભગવાન કૃષ્ણ ગોકુલ પહોચ્યા. (01)

19) **આપેલ પંક્તિનો છંદ ઓળખવો:** - સૌદર્ય વેડફી દેતા ના ના સુન્દરતા મળે, (01)
સૌન્દર્ય પામતાં પહેલાં સૌંદર્ય બનવું પડે.

20) **છંદનું ગણસૂત્ર જણાવો.** (01)

## વિભાગ – D (લેખન સજ્જતા)

**(અ) નીચેની પંક્તિનો આશરે 15 વાક્યમાં અર્થવિસ્તાર કરો.** **(04)**

- શમે ના વેરથી વેર, ટળે ના પાપ પાપથી;
ઔષધ સર્વ દુ:ખોનું, મૈત્રીભાવ અનાતન.

**અથવા**

- નથી દુર્ભેદ બીજાં કો બંધનો સ્નેહના સમાં;
કાષ્ઠને શકતો કારી, અલિ લાચાર પદ્મમાં.

**(બ) તમારી શાળામાં કોરોના-19 થી સુરક્ષિત રહેવા યોજાયેલ રસીકરણનો અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો.** **(04)**

**(ક) નીચે આપેલ ગદ્યખંડનો ત્રીજા ભાગ જેટલો સંક્ષેપ કરી યોગ્ય શીર્ષક આપો.** **(04)**

લોકો મારું કામ જુએ કે ન જુએ, તેની કદર કરે કે ન કરે, શાબાશી આપે કે ના આપે, તોયે હું સંપૂર્ણ નિષ્ઠાથી અને મારી શક્તિનાં ઉચ્ચત્તમ ધોરણ મુજબ એ મારું કામ કરતો રહીશ. પરીક્ષા હોય કે ન હોય તોયે હું સરખી રીતે વાંચીશ, કસોટીના ગુણ છેલ્લા પરિણામ માટે ગણાય કે ના ગણાય તોયે હું તે સરખી કાળજીથી વાંચીશ; કસોટીના ગુણ છેલ્લા પરિણામ માટે ગણાય કે ન ગણાય તોયે હું સરખી કાળજીથી લખીશ; ક્રિકેટ મેચ ટ્રોફી માટેની હોય કે ન ખાલી "મૈત્રીરમત" હોય તે હું સરખા ઉત્સાહથી રમીશ. સ્થૂળ વળતરની આશા નહીં પણ મારા લાયક કામ કર્યાનો આત્મસંતોષ એ મારું પ્રેરકબળ હશે. મનના આ વલણને કલાકારો "કલા ખાતર કલા" કહે છે. પણ છે તો જુદી જુદી પરિભાષામાં એક જ સિદ્ધાંતના ભાષાંતર. કામને અર્થે કરેલું ઉત્તમ કોટીનું કામ. પૂજામાં દેવમૂર્તિને ચોખા ચડાવાય છે. ચોખાના દાણા અક્ષત હોવા ઘટે. એ સારા ઘણા ભોગે એક તૂટેલો હોય તો 'ચાલશે' એમ માને તે સાચો પૂજારી નથી. - ફાધર વાલેળ

**(ડ) ગમે તે એક વિષય પર મુદ્દા આધારિત આશરે 250 શબ્દોમાં નિબંધ લખો.** **(08)**

**➔ ભાવિ વિશ્વયુદ્ધની ભયાનકતા**

**મુદ્દા:-** પ્રસ્તાવના – બે વિશ્વયુદ્ધોની ભયંકરતા – વિશ્વના વિચારકોની ચેતવણી – ત્રીજા વિશ્વયુદ્ધના ભણકારા – વિશ્વની આજની સ્થિતિ – અણુયુદ્ધની ઝાંખી માનવસંહારલીલા – ઉપસંહાર

**અથવા**

**➔ મારો પ્રિય તહેવાર – નવરાત્રિ**

**મુદ્દા:-** પ્રસ્તાવના – આપના તહેવારો – નવરાત્રિનું ધાર્મિક મહત્વ – નવરાત્રિની ઉજવણી – તહેવાર પ્રિય હોવાનું કારણ – ઉપસંહાર

**અથવા**

**➔ વર્ષાઋતુ**

**મુદ્દા:-** પ્રસ્તાવના – વર્ષાનું સ્વાગત – અષાઢ મહિનામાં મેઘરાજાની સવારી – શ્રાવણ મહિનામાં મેઘરાજાની ઝરમર – વાતાવરણ રમણીય અને કમનીય – ઉપસંહાર